—: ચોથા ધોરણ માટે :—

"મુંબઈ ઈલાકાની ભૂગોળ"ની

પ્રશ્નોત્તરમાળા.

ચોથા ધોરણનો
'મુખગણિત શિક્ષક'
ચાર આના.

સર્વ હક સ્વાધીન
કિંમત ૦-૪-૬
પોસ્ટેજ જુદું.
એપ્રિલ
સને ૧૯૨૮

હિંદુસ્તાનની સા.
—: ભૂગોળની :—
પ્રશ્નોત્તરમાળા
ચાર આના.



છગનલાલ મોતીરામ શાહ.
'મુખગણિત શિક્ષક' વગેરેના કર્તા   શાહપોર—સુરત.

—:અદ્યાપિ બહાર ન પડેલી એવી:—

મુંબઇ ઇલાકાની (ચોથા ધોરણની) ભૂગોળની

પ્રશ્નોત્તરમાળા

રચનાર—છગનલાલ મોતીરામ શાહ.

"મુખગણિત શિક્ષક" 'ભૂગોળ શિક્ષક" "પ્રશ્નોત્તરમાળા"

વગેરેના કર્તા.

રચનારનું ઠેકાણું—શાહપોર—સુરત.

પ્રસિદ્ધ કર્તા છગનલાલ મોતીરામ શાહ.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—શાહપોર—સુરત.

મુદ્રક:-નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમ.

મુદ્રણાલય:-'શંકર' પ્રિ. પ્રેસ ચૌટાબ્રીજ—સુરત.

આવૃત્તિ છઠ્ઠી.

સંવત ૧૯૮૪] [સને ૧૯૨૮

કિંમત રૂ. ૦-૪-૬ (પોસ્ટેજ જુદું.)

મુંબઈ ઇલાકાની ભૂગોળના [illegible] માટે

અભિપ્રાય.

રા. રા. છગનલાલ મોતીરામ [illegible]. શાહપોર-સુરત.

સલામ રાજેસર—"આપની બનાવેલી ચોથા ધોરણની ભૂગોળની "પ્રશ્નોત્તરમાળા" મેં પહેલેથી છેવટ સુધી વાંચી. અહીંની સ્કૂલમાં ધોરણ ચોથામાં ભૂગોળની પરીક્ષા હમેશાં લખાણથી થાય છે, માટે અહીંના શિક્ષકોને ભૂગોળના પુસ્તક ઉપરથી પ્રશ્નોત્તર લખાવવા પડતા તે મહેનત આપના પુસ્તકથી ઘણી ઓછી થઈ છે. પ્રશ્નો પણ આપે નવા ધોરણમાં મંજુર થયા પ્રમાણે ભૂગોળમાંથી ચુંટી ઉત્તમ પ્રકારે ગોઠવ્યા છે, જેથી વિદ્યાર્થીઓને એકવાર વાંચી જવાથી સહજ યાદ રહી જાય છે, તે મારા જાતિ અનુભવથી જાણવામાં આવ્યું છે. આવા પ્રશ્નોત્તરમાં બાળકને પણ રસ પડે છે, અને શિક્ષકની મહેનત વૃથા જતી નથી. આવું ઉત્તમ પુસ્તક બહાર પાડવા માટે આપને ધન્યવાદ આપું છું, અને આપના પ્રયાસને સારૂં ઉત્તેજન મળે એમ ઇચ્છું છું." એજ.

લી૦

તા. ૯-૧૨-૧૯૧૯ } **ભગવાન દેવજી પંડયા**

માંગરોળ (કાઠિઆવાડ) } તાલુકા સ્કૂલ માસ્તર.

મુંબઈ ઇલાકાની ભૂગોળની પ્રશ્નોત્તરમાળામાં શું શું છે?

ઇલાકો; સ્વરૂપ; ઇલાકાનું નામ પડવાનું કારણ; સીમા; વિસ્તાર; કુદરતી ભાગો તથા તે પડવાનાં કારણ; રાજકીય ભાગો; કુદરતી રચના; પર્વતો; ઘાટ; હવાખાવાનાં ઠેકાણાં; નદીઓ; નદીઓનાં મૂળ, મુખ, તથા તે પર આવેલાં ગામો; પવિત્ર નદીઓ; નદીઓનાં સંગમ; જુદી જુદી દિશામાં વહેનારી નદીઓનાં નામ; ખાડી; રણ; અખાત; બંદરો, આબોહવા; વરસાદ, તાપ, ટાઢ ક્યાં ક્યાં વધારે ઓછાં પડે છે તે તથા તેનાં કારણ; ભૂતળ રચના ને હવા તેની લોકોપર તથા પાકપર થતી અસર; ઉત્તર વિભાગ ને મધ્ય વિભાગનો મુકાબલો. ઉત્તર વિભાગ ને દક્ષિણ વિભાગનો મુકાબલો; થાણા તથા કોલાબા જિલ્લાનો મુકાબલો; જંગલો તથા તેમાં થતી પેદાશ. જનાવરો; વસ્તી તથા જાતો; ધર્મો; ભાષા; મુખ્ય ધંધા, તથા હુન્નરો; ખનીજ પેદાશ તથા તે નીકળવાનાં સ્થળો; ખેતીની પેદાશ તથા તે થવાનાં સ્થળ, કપાસ, તમાકુ, મકાઈ, ઘઉં, ડાંગર, તેલીબીઆં વગેરે ક્યાં થાય છે તે; નહેરો; હુન્નર માટે વખણાએલાં સ્થળો; રેલવે તથા તેના પરના મુખ્ય સ્ટેશનો; પાકી સડકના રસ્તા; નિકાસ; આયાત; બેટો; દ્વીપકલ્પ; ભૂશિર; સરોવર; જાત્રાનાં ઠેકાણાં; ઉના પાણીનાં કુંડ; દીવાદાંડી; લશ્કરની છાવણી; ઐતિહાસિક સ્થળો; ખાસ જોવા લાયક જગાઓ, રૂનાં વેપારનાં મથકો; રજપુત રાજ્યો, મુસલમાની રાજ્ય, પોર્ટુગીઝનાં રાજ્ય, ભીલ અને કોળી રાજ્યો ક્યાં ક્યાં છે તે; ઇલાકાનો રાજવહીવટ; દેશી રાજ્યોનો રાજવહીવટ; પોલિટિકલ એજંટનાં કામો; ઉત્તર વિભાગ, કચ્છપ્રાંત, સિંધ વિભાગ, મુંબઇબેટ, મધ્ય વિભાગ તથા દક્ષિણ વિભાગની સંપૂર્ણ ભૂગોળના પ્રશ્નોત્તર; પરીક્ષામાં આવેલા પ્રશ્નો. કિંમત સાડાચાર આના.

મહેરબાન કાઠિઆવાડના એજંટ ટુ ધ ગવર્નર સાહેબ બહાદુરે

નં. B. A. P. ૬૫ તા. ૧૪-૧૨-૧૯૧૯ થી,

મુંબઈ ઈલાકાની ભૂગોળની

:પ્રશ્નોત્તરમાળા:

સાડાચાર આના.

કાઠિઆવાડ એજન્સિની તમામ પ્રાયમરી સ્કુલોમાં

ઈનામ અને લાયબ્રેરી તરીકે મંજુર કરી છે.

હિંદુસ્તાનની સામાન્ય ભૂગોળની :—

—: પ્રશ્નોત્તરમાળા ચાર આના.

ચોથી ચોપડીનો "ડિકટેશન શિક્ષક" ચાર આના.

ચોથા ધોરણનો "મુખગણિત શિક્ષક" ચાર આના.

કર્તા—છગનલાલ મોતીરામ શાહ. શાહપોર—સુરત.

છગનલાલ મોતીરામ શાહ કૃત.

મુંબઈ ઈલાકાની ભૂગોળની

ચોથા ધોરણની ભૂગોળની પ્રશ્નોત્તરમાળા

સ. ૧) ઇલાકો એટલે શું ?

જ. ૧) ઘણા પ્રાંતો મળીને થએલો ગવર્નરના તાબાનો મુલક.

સ. ૨) અ. મુંબઇ ઇલાકો ક્યાં આવ્યો ? બ. એનો આકાર કેવો છે ?

જ. ૨) અ. હિંદુસ્તાનના પશ્ચિમ કિનારાપર અરબી સમુદ્રને કાંઠે.
બ. લાંબો, સાંકડો પટી જેવો છે.

સ. ૩) મુંબઇ ઇલાકો નામ શા પરથી પડયું ?

જ. ૩) રાજધાનીનું શહેર મુંબઇ છે, તે પરથી મુંબઇ ઇલાકો નામ પડયું.

સ. ૪) મુંબઇ ઇલાકાની સીમા લખો.

જ. ૪) ઉત્તરે-બલુચિસ્તાન ને પંજાબ: પૂર્વે-રજપુતસ્તાન ને મધ્યહિંદ એજન્સિનાં દેશીરાજ્યો, મધ્યપ્રાંતો અને નિઝામનું રાજ્ય; દક્ષિણે-મદ્રાસ ઇલાકો ને મ્હૈસુર: પશ્ચિમે અરબી સમુદ્ર ને હાલા પર્વત.

સ. ૫) મુંબઇ ઇલાકાનો વિસ્તાર કેટલો છે ?

જ. ૫) ક્ષેત્રફળ ૧૯૬૮૩૨ ચોરસ માઇલ છે. લંબાઇ એક હજાર માઇલ અને સરાસરી પહોળાઇ ૧૯૦ માઇલ છે.

સ. ૬) ખાલસા મુલકનું, દેશી રાજ્યોનું અને ગાયકવાડના રાજ્યનું ક્ષેત્રફળ કહો.

જ. ૬) અંગ્રેજ સરકારના મુલકનું ૧૨૨૯૮૪ ચોરસ માઇલ, દેશી રાજ્યોનું ૬૫૭૬૧ ચોરસ માઇલ અને ગાયકવાડી રાજ્યનું ૯૦૮૭ ચોરસ માઇલ.

સ. ૭) કુદરતી વિભાગો શા ઉપરથી પાડી શકાય?

જ. ૭) (૧) ભાષા પરથી. (૨) લોકના રિવાજ પરથી. (૩) દેશની રચના પરથી.

સ. ૮) મુંબઈ ઇલાકાના કુદરતી ભાગ કેટલા છે અને તે કયા કયા?

જ. ૮) પાંચ (૧) ગુજરાત. (૨) કચ્છ (૩) સિંધ (૪) મહારાષ્ટ્ર (૫) કાનડા.

સ. ૯) ઇલાકાના રાજકીય વિભાગ, તેના અધિકારી, અને રાજધાની લખો.

જ. ૯) ભાગનું નામ	અધિકારી	રાજધાની
(૧) ઉત્તર વિભાગ	કમિશનર	અમદાવાદ
(૨) મધ્ય વિભાગ	કમિશનર	પુના
(૩) દક્ષિણ વિભાગ	કમિશનર	બેલગામ
(૪) સિંધ વિભાગ	કમિશનર	કરાંચી
(૫) મુંબઈ બેટ	કમિશનર	મુંબઇ

સ. ૧૦) મુબઇ ઇલાકાના ઉપરી અધિકારી કોણ છે અને તેમનું નામ નામ શું છે? આખા વર્ષમાં તેઓ ક્યાં ક્યાં મુકામ રાખે છે?

જ. ૧૦) ગવર્નર સાહેબ.　　　　સર લેસ્લી વીલસન.

શિઆળામાં મુંબઇ, ઉનાળામાં મહાબળેશ્વર, ચોમાસામાં પુના.

સ. ૧૧) ઇલાકાની કુદરતી રચના વિભાગવાર કહો.

જ. ૧૧) **ઉત્તર વિભાગ**—ચગાનો સપાટ પ્રદેશ છે, અને એના પૂર્વ ભાગમાં ડુંગરો છે. **મધ્ય વિભાગ**-ઉચ્ચ પ્રદેશ છે, અને એમાં પુષ્કળ કાળી જમીન તથા ઘણા ડુંગરો છે. **દક્ષિણ વિભાગ-કૃષ્ણા** નદીની દક્ષિણે નીચો પ્રદેશ છે, અને પશ્ચિમ તરફના કોલાબા અને રત્નાગિરિ જિલ્લા દરીઆ કાંઠાપર અરબી સમુદ્ર ને સહ્યાદ્રિની વચ્ચે આવેલા છે. **સિંધ વિભાગ**—રણનો પ્રદેશ છે, અને તેમાં રેતીના ડુંગરા છે. એનો પશ્ચિમ ભાગ ઉંચો છે.

સ. ૧૨) ઇલાકાના પર્વતો પ્રાંતવાર ગણાવો.

જ. ૧૨) **સિંધ** પબ ને હાલા. **કચ્છ**-ઉત્તરધાર, મધ્યધાર ને ચાડવા. **ગુજરાત**—પૂર્વમાં રાજપીપળા, પાવાગઢ અને આરાસુર, ઇશાનમાં આબુ ને શિરોહીના ડુંગર. કાઠિઆવાડના મધ્ય ભાગમાં ચોટીલા, શેત્રુંજો, ગીર, ગીરનાર ને બર્ડો **મહારાષ્ટ્ર** (દક્ખણમાં) સહ્યાદ્રિ, સાતપુડા, ચાંદવડ સાતમાળા અથવા અજિન્ટા. **કોકણમાં**-સહ્યાદ્રિ. **કાનડા**-(દક્ષિણ મહારાષ્ટ્ર અને ઉત્તર કાનડામાં) સહ્યાદ્રિ.

સ. ૧૩) મધ્ય વિભાગમાં જવા માટે સહ્યાદ્રિમાં કયા કયા ઘાટ છે?

જ. ૧૩) (૧) **બોરઘાટ** એ પુના તરફ જવાનો. (૨) **થળઘાટ** એ નાશક તરફ જવાનો.

સ. ૧૪) કે ણના જિલ્લા ગણાવો.

જ. ૧૪) ઉત્તર વિભાગમાંનો **થાણા** જિલ્લો, દક્ષિણ વિભાગમાંના **કોલાબા** ને **રત્નાગિરિ** જિલ્લા.

સ. ૧૫) ઇલાકાના વિભાગવાર હવાખાવાનાં સ્થળ ગણાવો.

જ. ૧૫) **ઉત્તર વિભાગ**–આબુ, ડુમસ, હજીરો ને તીથલ, કાઠિઆવાડમાં બાલાચડી, ગોપનાથ ને વેરાવળ. **મધ્ય વિભાગ**–દેવલાલી, લોણાવાલા, (લાનોલી), મહાબળેશ્વર, પંચગની ને ખંડાળા. **દક્ષિણ વિભાગ**—કોલાબા જિલ્લામાં માથેરાન.

સ. ૧૬) પ્રાંતવાર ઇલાકાની નદીઓ લખો.

જ. ૧૬) **ગુજરાતમાં**—નર્મદા, તાપી, મહી, સાબરમતી, બનાસ, સરસ્વતી, ઢાઢર, વિશ્વામિત્રી, વાત્રક, અને કાઠિઆવાડમાં ભાદર ને શેત્રુંજી, **કચ્છમાં**–નાગમતી, રૂકમાતી, ને ખારી. **સિંધમાં** સિંધુ. **મધ્ય વિભાગમાં**–મહારાષ્ટ્રમાં તાપી, ગોદાવરી, કૃષ્ણા, ભીમા, સીના, નીરા, મુળામુઠા, ગીરણા, પાંજરા, વારણા; **કોકણમાં**–અંબા ને સાવિત્રી, **દક્ષિણ વિભાગમાં**–દક્ષિણ મહારાષ્ટ્રમાં ભીમા, કૃષ્ણા, દ્રોણ, ઘટપ્રભા, પંચગંગા, તુંગભદ્રા, વર્ધા ને વારણા; **કાનડામાં**–શીરાવતી.

સ. ૧૭) ઇલાકાની મુખ્ય મુખ્ય નદીઓ ગણાવો.

જ. ૧૭) સિંધુ, નર્મદા, તાપી, ગોદાવરી, કૃષ્ણા, સાબરમતી, મહી.

સ. ૧૮) એ સિવાય બીજી નાની નદીઓ ગણાવો.

જ. ૧૮) બનાસ, સરસ્વતી, ભાદર, મચ્છુ, શેત્રુંજી, ભીમા, નીરા, સીના, મુળામુઠા, પાંજરા.

સ. ૧૯) ઉપરની બધી નદીઓ ક્યાંથી નીકળે છે, કોને મળે છે અને તેના પર મુખ્ય ગામો ક્યાં છે તે લખો.

જ. ૧૯) નદીનું નામ	મૂળ	મુખ	નદી ઉપરનાં ગામો
સિંધુ	હિમાલય પર્વત	અરબી સમુદ્ર	સક્કર, બક્કર, રોહરી, હૈદ્રાબાદ, મિયાની, કોટ્રી, ઠઠ્ઠા, શાહબંદર, કરાંચી.
નર્મદા	અમરકંટકનો ડુંગર	ખંભાતનો અખાત	કરનાળી, ચાંદોદ, શિનોર, શુકલતીર્થ, ભાડભુત, તવરા, ભરૂચ.
તાપી	સાતપુડા	અરબી સમુદ્ર	ભુસાવળ, માંડવી, બહુધાન, સુરત, રાંદેર.
ગોદાવરી ×	સહ્યાદ્રિ	બંગાળી ઉપસાગર	નાશક, ત્ર્યંબક.
કૃષ્ણા	સહ્યાદ્રિ	બંગાળી ઉપસાગર	સાંગલી, મીરજ, કુરૂંદવાડ, જમખંડી.
સાબરમતી	અરવલીનો ડુંગર	ખંભાતનો અખાત	સાદગ, પેથાપુર, અમદાવાદ.
મહી	માળવાનો ડુંગર	ખંભાતનો અખાત	પાલી, લુણાવાડા, ખંભાત.
બનાસ,	શિરોહીના ,,	કચ્છનું રણ	ડીસા, રાધનપુર, દાંતા.
સરસ્વતી	શિરોહીના ,,	કચ્છનું રણ	સિદ્ધપુર, પાટણ.

×ગોદાવરી સહ્યાદ્રિ પર્વતમાંથી નીકળી બંગાળી ઉપસાગરને મળે છે, એને કાંઠે નાશક અને ત્ર્યંબક આ મુજબ દરેક નદી માટે બોલવું.

ભાદર	મહાવનના ડુંગર	અરબી સમુદ્ર	જસદણ, જેતપુર, ધોરાજી, નવીબંદર.
મચ્છુ	ચોટીલાના ડુંગર	કચ્છનું રણ	વાંકાનેર, મોરબી, માળીઆ.
શેત્રુંજી	ગીર પર્વત	ખંભાતનો અખાત	ધારી, પાલિતાણા, તળાજા.
ભીમા	સહ્યાદ્રિપર્વત	કૃષ્ણા	પંઢરપુર.
તુંગભદ્રા	સહ્યાદ્રિપર્વત	કૃષ્ણા	હરીહર, શીરહટ્ટી.
નીરા	સહ્યાદ્રિપર્વત	ભીમા	ભોર, ફલટણ.
સીના	સહ્યાદ્રિપર્વત	ભીમા	અહમદનગર.
મુળામુઠા	સહ્યાદ્રિપર્વત	ભીમા	પુના.
પાંજરા	સહ્યાદ્રિપર્વત	તાપી	ધુળીઆ.

સ. ૨૦) ઇલાકામાંની પવિત્ર નદીઓ ગણાવો.

જ. ૨૦) સરસ્વતી, નર્મદા, તાપી, ગોદાવરી.

સ. ૨૧) સહ્યાદ્રિ (પશ્ચિમ ઘાટ)માંથી કઇ કઇ નદીઓ નીકળે છે ?

જ. ૨૧) ગોદાવરી, કૃષ્ણા, ભીમા, તુંગભદ્રા, નીરા, સીના, મુળામુઠા, પાંજરા, ગીરણા, વારણા, કોણ, ઘટપ્રભા, મલપ્રભા, પંચગંગા, શિરાવતી.

સ. ૨૨) કચ્છના રણને કઇ કઇ નદી મળે છે ?

જ. ૨૨) બનાસ, સરસ્વતી, મચ્છુ, આજી, ખારી.

સ. ૨૩) અરબી સમુદ્રને, ખંભાતના અખાતને, બંગાળી ઉપસાગરને, કઈ કઈ નદી મળે છે ?

જ. ૨૩) અરબી સમુદ્રને—સિંધુ, ભાદર, તાપી, શિરાવતી.
ખંભાતના અખાતને—સાબરમતી, મહી, ઢાઢર, નર્મદા, શેત્રુંજી.
બંગાળી ઉપસાગરને—ગોદાવરી, કૃષ્ણા.

સ. ૨૪) કૃષ્ણા, તાપી, ભીમા, અને તુંગભદ્રાને કઇ કઈ નદી મળે છે?

જ. ૨૪) કૃષ્ણાને—ભીમા, પચગંગા. વારણા, તુંગભદ્રા.
તાપીને—પૂર્ણા, પાંજરા, ગીરણા.
ભીમાને—સીના, નીરા, મુળામુઠા.
તુંગભદ્રા—ઘટપ્રભા, મલપ્રભા.

સ. ૨૫) ઉત્તરમાંથી દક્ષિણમાં જનારી નદીનાં નામ લખો.

જ. ૨૫) સિંધુ, સાબરમતી, મહી, નાગમતી, રૂકમાવતી.

સ. ૨૬) દક્ષિણમાંથી ઉત્તરમાં વહેનારી નદી ગણાવો.

જ. ૨૬) મચ્છુ, આજી, ખારી, પાંજરા, ગીરણા.

સ. ૨૭) પૂર્વમાંથી પશ્ચિમમાં કઇ કઈ નદી વહે છે?

જ. ૨૭) નર્મદા, તાપી, ભાદર. શિરાવતી.

સ. ૨૮) પશ્ચિમમાંથી પૂર્વમાં કઈ કઇ નદી જાય છે?

જ. ૨૮) શેત્રુંજી, ગોદાવરી, કૃષ્ણા, ભીમા, તુંગભદ્રા, ડ્રોણ, સીના,
નીરા, મુળામુઠા, ઘટપ્રભા, મલપ્રભા.

સ. ૨૯) ઇલાકામાં આવેલા ધોધ ગણાવો.

જ. ૨૯) (૧) નર્મદા નદીનો સુરપાણનો. (૨) શિરાવતી નદીનો ગેર-
સપ્પાનો. (૩) ગોકાક પાસે ઘટપ્રભા નદીનો.

સ. ૩૦) નદીના વહેણ પરથી શું સમજાય? જ. ઉંચાણ, નિચાણ

સ. ૩૧) અ. ઇલાકામાં રણ ક્યાં ક્યાં છે? બ. રણ એટલે શું?

જ. ૩૧) અ. (૧) કચ્છની ઉત્તરે તથા પૂર્વે. (૨) સિંધમાં થરપારકરનું.
બ. ઝાડપાન કે પાણી ન મળે એવું રેતીનું મેદાન.

સ. ૩૨) અખાત એટલે શું ? મુંબઇ ઇલાકાના અખાત ગણાવો.

જ. ૩૨) સમુદ્રનો ફાંટો લાંબો વધીને જમીનમાં ગએલો હોય તે.
(૧) કચ્છનો અખાત (૨) ખંભાતનો અખાત.

સ. ૩૩) ઇલાકામાં આવેલાં બંદરો અનુક્રમે ગણાવો.

જ. ૩૩) **કરાંચી**, લખપત, જખૌ, **માંડવી**, મુંદ્રા, તુણા, નવાનગર, **દ્વારકા**, **પોરબંદર**, **નવીબંદર**, માંગરોળ, વેરાવળ, **દીવ**, જાફરાબાદ, **ઘોઘા**, **ભાવનગર**, **ધોળેરા**, **ખંભાત**, ટંકારીઆ, **ભરૂચ**, **સુરત**, વલસાડ, દમણ, ડહાણું, માહીમ, વસઇ, **મુંબઇ**, અલીબાગ, **રત્નાગિરિ**, **માલવેણ વેંગુર્લા**, **ગોવા**, **કારવાર**, **કુમટે**, **હોનાવર**, (મુંબઈ, કરાંચી, કારવાડ, માંડવી એ મોટાં બંદર છે.)

સ. ૩૪) ઇલાકાના દરેક ભાગના હવાપાણી લખો.

જ. ૩૪) **સિંધ**—રણ હોવાથી અને કોઈ પહાડ ન હોવાથી વરસાદ ઘણોજ ઓછો એટલે ૨ થી ૧૦ ઇંચ પડે છે. રેતાળ જમીનને લીધે અને વનસ્પતિ ઝાઝી ન હોવાથી તાપ વધારે પડે છે. આખા ઇલાકામાં **જેકોબાબાદમાં** સૌથી વધારે તાપ પડે છે. **ગુજરાત**–સિંધ કરતાં વરસાદ વધારે ને તાપ ઓછો પડે છે, ગુજરાતના ઉત્તર ભાગમાં દરીઓ ન હોવાને લીધે તેમજ રણના જેવી જમીન હોવાથી તાપ વધારે ને વરસાદ ઓછો પડે છે, અને હવા સુકી છે. **મધ્ય વિભાગ**-પૂર્વ તરફ વરસાદ ઓછો પડે છે એથી હવા

કોરી છે. પશ્ચિમ તરફ વરસાદ વધુ પડે છે. આખા ઈલાકામાં **મહાબળેશ્વરમાં** સૌથી વધુ વરસાદ પડે છે. પીપલનેરમાં વરસાદ વધુ પડે છે.

દક્ષિણ વિભાગ–કોલાબા ને રત્નાગિરિ દરીઆ કિનારે તથા સહ્યાદ્રિની પાસે આવેલા હોવાથી વરસાદ વધારે પડે છે. કાનડા દરીઆ કિનારે હોવાથી ત્યાં પણ વરસાદ વધારે પડે છે.

મહી બેટ–દરીઓ પાસે હોવાથી વરસાદ વધારે ને ટાઢ તાપ ઓછાં પડેછે.

કચ્છ–ઉત્તર ભાગમાં રણ આવવાથી વરસાદ બીલકુલ પડતો નથી ને તાપ વધારે પડે છે. મધ્યભાગમાં ડુંગર હોવાને લીધે અને દક્ષિણ ભાગમાં દરીઓ હોવાને લીધે થોડો થોડો વરસાદ પડે છે, અને એના મધ્ય તથા દક્ષિણ ભાગમાં તાપ બહુ પડતો નથી.

૩૫) વધારે વરસાદ કયાં કયાં પડે ?

૩૫) (૧) દરીઆ કિનારે (૨) જ્યાં પુષ્કળ જંગલો હોય ત્યાં. (૩) પર્વત આગળ.

૩૬) રણ હોય ને હવા સુકી હોય ત્યાંના હવાપાણી કેવાં હોય ?

૩૬) ટાઢ તથા તાપ વધારે અને વરસાદ ઓછો કારણ કે રેતી એકદમ તપે છે, અને એકદમ ઠંડી પડે છે.

૩૭) મુંબઈ ઇલાકાની ભૂતળ રચના અને હવાની લોકો પર શી અસર થએલી છે ?

૩૭) ૧ ગુજરાતના દક્ષિણ ભાગમાં તાપ અને ટાઢ માફકસર પડે છે, અને જમીન ફળદ્રુપ છે, તેથી લોકો મધ્ય કદના, ચાલાક અને મોજીલા છે, (૨) દરીઆ કાંઠાના લોક સાહસિક ને મહેનતુ છે. (૩) ઉત્તર ગુજરાત, અને સિંધમાં ટાઢ ને

તાપ વધારે ને હવા સુકી છે, તેથી લોકો કદાવર ને મજબુત છે. (૪) પશ્ચિમ ઘાટમાં વરસાદ વધારે પડે છે, ને જમીન ભેજવાળી તથા કાંકરીવાળી છે, તેથી લોકો ઠીંગણા, ઉદ્યોગી ને કસરીઆ છે. (૫) કાઠિઆવાડ પહાડી મુલક છે તેથી ત્યાંના લોકો જબરા, ઉદ્યોગી ને કસરીઆ છે.

સ. ૩૮) મુંબઇ ઇલાકાની ભૂતળ રચના અને હવાની પાક પર શું અસર થએલી છે?

જ. ૩૮) (૧) જ્યાં જ્યાં વરસાદ વધારે પડે છે, ને જમીન ભેજવાળી છે ત્યાં ત્યાં ડાંગર થાય છે. (૨) કાળી જમીનમાં ઘઉં ને કપાસ થાય છે. (૩) વરસાદ ઓછો પડે છે ત્યાંની હવા સુકી ને ગરમ છે તેથી ત્યાં, કેળાં, કેરી, નારંગી, દ્રાક્ષ, દાડમ, અંજીર, શેતુર, તરબુચ વગેરે લીલો મેવો થાય છે.

સ. ૩૯) ઉત્તર વિભાગને મધ્ય વિભાગનો મુકાબલો કરો.

જ. ૩૯)

	ઉત્તર વિભાગ.	મધ્ય વિભાગ.
(૧)	એક ગણો.	પોણા ત્રણ ગણો
(૨)	સપાટ, નીચો પ્રદેશ	ડુંગરાળો ઉચ્ચ પ્રદેશ
(૩)	પશ્ચિમે અરબી સમુદ્ર	પશ્ચિમે સહ્યાદ્રિ પર્વત
(૪)	હવા ભેજવાળી	હવા કોરી
(૫)	ફળદ્રુપ	ઓછો ફળદ્રુપ
(૬)	ગુજરાતી ભાષા	મરાઠી ભાષા
(૭)	પૂર્વ તરફ તાપ ઓછો ને વરસાદ વધારે	પૂર્વ તરફ તાપ વધારે ને વરસાદ ઓછો

સ. ૪૦) ઉત્તર વિભાગ ને દક્ષિણ વિભાગનો મુકાબલો કરો.

જ. (૪૦) ઉત્તર વિભાગ.	દક્ષિણ વિભાગ.
(૧) એક ગણો	બમણો
(૨) સપાટ નીચો પ્રદેશ	ઉચ્ચ પ્રદેશ
(૩) ઘણી ખરી નદી પૂર્વમાંથી પશ્ચિમમાં વહે છે	ઘણી ખરી નદી પશ્ચિમમાંથી પૂર્વમાં વહે છે.
(૪) ગુજરાતી ભાષા	મરાઠી ને કાનડી ભાષા
(૫) પૂર્વભાગમાં વરસાદ ઘણો	પશ્ચિમના જિલ્લામાં વરસાદ ઘણો
(૬) હવા ભેજવાળી	પૂર્વ ભાગની હવા કોરી અને પશ્ચિમ ભાગની ભેજવાળી

સ. ૪૧) થાણા જિલ્લો ને કોલાબા જિલ્લાનો મુકાબલો કરો.

જ. ૪૧) (૧) બંને દરીઆ કિનારે આવેલા છે. (૨) બંનેમાં વરસાદ બહુ પડે છે. (૩) બંને પહાડી છે. (૪) બંનેના કિનારા પર ઘણી ખાડીઓ છે. (૫) બંનેમાં મુખ્ય પાક ડાંગરનો છે. (૬) બંનેમાં કિનારાથી સહ્યાદ્રિ તરફ જઈએ તેમ વરસાદ વધારે પડે છે.

સ. ૪૨) ઇલાકામાં જંગલો કયાં કયાં છે ને કયાં કયાં ઝાડો થાય છે?

જ. ૪૨) **સિંધના જંગલમાં** બાવળ; **ગીરનાર, પંચમહાલ તથા પૂર્વ તરફના જંગલમાં** મહુડા, સીસમ, રાયણ, સાગ ને વાંસ; **સહ્યાદ્રિના જંગલમાં** સાગ, સીસમ, ખેર ને વાંસ; **કાનડાના જંગલમાં** સુખડનાં ઝાડ થાય છે.

સ. ૪૩) ઇલાકામાં કયાં કયાં જનાવરો થાય છે.

જ. ૪૩) સિંધમાં ઉંટ ને ગધેડાં; ગીરનારના જંગલમાં સિંહ; (આખા હિંદુસ્તાનમાં સિંહ અહીંજ થાય છે.) ડુંગરો પર ને જંગ-

ક્ષેત્રોમાં વાઘ, દીપડા, ચિત્તા રીંછ, સાંબર, ડુક્કર ને હરણ; કાઠિઆવાડના ને કચ્છના ઘોડા; ગીરની ભેંસો ને કડીના બળદ વખણાય છે.

સ. ૪૪) મુંબઈ ઇલાકામાં કુલ વસ્તી કેટલી? દેશી રાજ્યોમાં કેટલી? ગાયકવાડી રાજ્યમાં કેટલી અને અંગ્રેજી મુલકમાં કેટલી તે લખો. અને કઇ કઇ જાતની કેટકેટલી છે તે પણ લખો.

જ. ૪૪) કુલ વસ્તી પોણા ત્રણ કરોડ માણસની છે. દેશી રાજ્યોમાં ૭૦ લાખ; ગાયકવાડી રાજ્યમાં ૨૦ લાખ અને અંગ્રેજી રાજ્યમાં એક કરોડ નેવું લાખ માણસની વસ્તી છે. વસ્તીનો પોણો ભાગ **હિંદુ**; $\frac{3}{16}$ ભાગ એટલે ૪૬ લાખ **મુસલમાન**; ૭૦ હજાર **પારસી**; બે લાખ **ખ્રિસ્તી**; ૨૦ હજાર **યુરોપીયન** ને બાકીના પરચુરણ જાતના છે. જંગલના ભાગમાં ભીલ, ચોધરા, નાયકા વગેરે અનાર્ય જાતો વસે છે.

સ. ૪૫) ઇલાકામાં કયા ધર્મ ચાલે છે અને તેના મુખ્ય પંથ કયા કયા છે?

જ. ૪૫) (૧) **હિંદુધર્મ**–એમાં શૈવ, વૈષ્ણવ, સ્વામીનારાયણ અને રામાનંદી; (૨) **મુસલમાની** એમાં શીઆ અને સુન્ની (૩) **જૈન** એમાં શ્વેતાંબર ને દિગંબર; (૪) **જરથોસ્તી**; (૫) **ખ્રિસ્તી.**

સ. ૪૬) કયા કયા ભાગમાં કઇ કઇ ભાષા બોલાય છે?

જ. ૪૬) સિંધમાં–**સિંધી** ને **બલુચી**; કચ્છમાં–**કચ્છી**; ગુજરાતમાં **ગુજરાતી**; મહારાષ્ટ્ર ને દક્ષિણ મહારાષ્ટ્રમાં–**મરાઠી**; કાનડામાં–**કાનડી. અંગ્રેજી** ભાષા આખા ઇલાકામાં બોલાય છે. મુસલમાનો ઉર્દુ ભાષા બોલે છે.

સ. ૪૭) ઇલાકાના મુખ્ય ધંધા તથા હુન્નરો લખો.

જ. ૪૭) મુખ્ય ધંધો **ખેતીનો; કારીગરી કે મજુરીનો, વેપારનો, નોકરીનો, ખલાસીનો.**

હુન્નર—સુતરાઉ ને રેશમી કાપડ; મીઠું; કસબ; સોનેરી શીટ; કીનખાબ; લાકડા, ધાતુ, હાથીદાંત, સુખડ ને સોના રૂપાનું કોતરકામ; તાંબા પિત્તળનાં વાસણ; કાચકામ.

સ. ૪૮) ઇલાકામાં કયા કયા ખનીજો કયાં કયાંથી નીકળે છે તે લખો.

જ. ૪૮) **પત્થર**—કાઠિઆવાડ, ઇડર ને અમનગર. **આરસ**—કાઠિઆવાડ ને આરાસુર. **લોઢું**—પાવાગઢ, બર્ડાના ડુંગર અને ધારવાડ. **અકીક**—રાજપીપળા, બેલગામ અને ધારવાડના ડુંગરમાંથી. **સોનુ, રૂપુ, તાંબું**—ધારવાડ. **ફટકડી**—સિંધની પશ્ચિમનો પહાડ ને કચ્છ. **તાંબુ, સીસું, ગંધક**—સિંધની પશ્ચિમનો પહાડ. **મેગેનીઝ**—પાવાગઢનો ડુંગર. **મીઠું**—ખારાઘોડા, ધનાસણા, કોલાબા તથા દરીઆ કિનારે. **સુરોખાર**—પાલણપુર એજન્સિ ને કચ્છ. **મોતી**—કચ્છના અખાતમાં નવાનગર પાસે.

સ. ૪૯) ઇલાકાના કયા કયા ભાગમાં કઇ કઇ ખેતીની પેદાશ થાય છે?

જ. ૪૯) **સિંધમાં**-ઘઉં, બાજરી, જુવાર, ડાંગર, ૨. **ભરૂચ જિલ્લો**-કપાસ. **ખેડા જિલ્લો**—તમાકુ, બાજરી. **પંચમહાલ જિલ્લો**—મકાઇ. **ભરૂચ, સુરત, ખાનદેશ, અહમદનગર ને નાશક** જિલ્લામાં—ર. **ભરૂચ, સુરત, ખાનદેશ, અહમદનગર, નાશક અને પુના** જિલ્લા, તથા **ભાલમાં** ઘઉં. **કોકણપ્રાંત, સુરત જિલ્લો અને સિંધ પ્રાંતમાં** ડાંગર. **દરીઆ કિનારે**—નાળિએરી, પાન, કેળાં ને સોપારી.

સ. ૫૦) કપાસ, તમાકુ, મકાઈ, ઘઉં, ડાંગર, બાજરી, જુવાર અને તેલબીઆં ક્યાં ક્યાં થાય છે?

જ. ૫૦) **કપાસ**–સિંધપ્રાંત, ભરૂચ, સુરત, ખાનદેશ, અહમદનગર ને નાશક જિલ્લામાં. **તમાકુ**–ખેડા જિલ્લામાં. **મકાઈ**–પંચમહાલ જિલ્લામાં. **ઘઉં**–સિંધપ્રાંત, ભરૂચ, સુરત, ખાનદેશ, અહમદનગર, નાશક ને પુના જિલ્લામાં તથા ભાલમાં. **ડાંગર**–સિંધ, સુરત જિલ્લો તથા કોકણમાં. **બાજરી**–ગોદાવરીના કિનારાપર, ખેડા અને અમદાવાદ જિલ્લામાં. **જુવાર**–કૃષ્ણાના કાંઠાપર, સુરત અને ભરૂચ જિલ્લામાં. **તેલીબીઆં**–સિંધ, સાબરમતીની ઉત્તરના ભાગમાં, મધ્ય અને દક્ષિણ વિભાગમાં.

સ. ૫૧) કપાસ અને ઘઉં કેવી જમીનમાં થાય?

જ. ૫૧) કાળી જમીનમાં.

સ. ૫૨) ડેલ્ટા એટલે શું? અને તેમાં કયો પાક સારો થાય છે?

જ. ૫૨) નદીના મુખ આગળનો ત્રિકોણાકાર પ્રદેશ. ડાંગરનો.

સ. ૫૩) ડાંગરનો પાક ક્યાં થાય?

જ. ૫૩) (૧) દરીઆ કિનારે. (૨) વરસાદ વધારે પડતો હોય ત્યાં. (૩) ડેલ્ટામાં.

સ. ૫૪) ઇલ્લાકામાં કાળી જમીન ક્યાં ક્યાં છે?

જ. ૫૪) જ્યાં ઘઉં ને કપાસ થાય છે, ત્યાં કાળી જમીન છે. જુઓ જવાબ ૫૦ મો.

સ. ૫૫) કઇ કઇ નદીમાંથી નહેરો કાઢેલી છે?

જ. ૫૫) સિંધુ, હાથમતી ને કૃષ્ણા.

સ. ૫૬) સિંધમાં વરસાદ ઓછો પડે છે છતાં પાક શાથી થતો હશે?

જ. ૫૬) (૧) સિંધુમાં ઉનાળામાં તથા ચોમાસામાં એમ બે વાર રેલ આવે છે તેથી. (૨) નહેરથી.

સ. ૫૬ અ.) કયો પ્રદેશ ફળદ્રુપ હોય અને બ. કયો પ્રદેશ ફળદ્રુપ હોતો નથી.

જ. ૫૬ અ.) નદીના મુખ આગળનો. બ. નદીના મૂળ આગળનો, ડુંગરા ને પત્થરવાળી જમીનનો, નાની નદીઓવાળો.

સ. ૫૭) હુન્નર માટે વખણાતાં સ્થળ ગણાવો.

જ. ૫૭) **સુતરાઉ કાપડ**–મુંબઇ ને અમદાવાદ. **રેશમી કાપડ**–સુરત, અમદાવાદ, નાશક, પુના. **કસબ, સોનેરી ફીટ ને કીનખાબ**–અમદાવાદ ને સુરત. **હાથીદાંત ને સુખડનું કોતરકામ**–સુરત. **સોના રૂપાનું નકશીકામ**–સિંધ ને કચ્છ. **માટીકામ**–પાટણ ને હૈદ્રાબાદ. **કાચકામ**–કપડવંજ ને દક્ષિણ વિભાગ. **લોઢાનો સામાન**–કપડવંજ, આતરસુંબા, કુંડલા, આમોદ, શિરોઇ ને ઓરપાડ. **સાડીઓ**–અહમદનગર. **તાંબા પિત્તળનાં વાસણ**–અમદાવાદ, વીસનગર, શિહોર. પુના, નાશક.

સ. ૫૮) ઇલાકામાં મુખ્ય રેલવે તથા તે પરનાં મુખ્ય સ્ટેશનો લખો.

જ. ૫૮) (૧) **બોમ્બે બરોડા એન્ડ સેંટ્રલ ઇંડિઆ** (બી. બી. એન્ડ સી. આઇ) **રેલવે**–એ ઉત્તર વિભાગમાં છે. મુંબઇ, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, નડિઆદ, અમદાવાદ વીરમગામ.

(૨) **ગ્રેટ ઇંડિઅન પેનિનસ્યુલા** (જી. આઈ. પી.) **રેલવે**–પૂર્વમાં કલકત્તા ને દક્ષિણમાં મદ્રાસ સુધી જાય છે એ, મધ્ય વિભાગમાં આવેલી છે. મુંબઇ, કલ્યાણ ભુશાવળ. મુંબઇ, કલ્યાણ, પુના, ધોંડ, સોલાપુર.

(૩) **સધર્ન મરાઠા** (એસ. એમ.) **રેલવે**–એ દક્ષિણ વિભાગમાં આવેલી છે. પુના, મીરજ. બેલગામ, ધારવાડ, ને હુબલી.

(૪) સિંધ પંજાબ, નોર્થ વેસ્ટર્ન અને જોધપુર બીકાનેર રેલવે એ સિંધ વિભાગમાં આવેલી છે.

એ ઉપરાંત ગુજરાતમાં ૨૭ નાની નાની શાખા રેલવે છે.

સ. ૫૯) વઢવાણથી મુંબઈ જતાં કયાં કયાં મોટાં સ્ટેશનો તથા નદીઓ આવે?

જ. ૫૯) **સ્ટેશનો**–વીરમગામ, અમદાવાદ, નડિઆદ, આણંદ, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, સુરત, નવસારી, વલસાડ, દમણ, ડહાણું, પાલગઢ, વસાઇ, માહીમ ને મુંબઇ.

નદીઓ–સાબરમતી, મહી, નર્મદા, તાપી, પૂર્ણા, દમણ-ગંગા ને વસાઈની ખાડી.

સ. ૬૦) મુંબઇથી કરાંચી જળમાર્ગે જતાં કયાં કયાં બંદરો આવે અને રેલવે જતાં કયાં કયાં સ્ટેશનો આવે તે લખો.

જ. ૬૦) જળમાર્ગે–મુંબઈ, સાષ્ટી, માહીમ, વસઇ, દમણ, ભાવનગર, જાફરાબાદ, દીવ, વેરાવળ, પોરબંદર, દ્વારકા, માંડવી ને કરાંચી બંદર.

રેલવે માર્ગે–મુંબઈ, સુરત, વડોદરા, આણંદ, અમદાવાદ, પાલણપુર, આબુ, મારવાડ જંકશન, લુણી, હૈદ્રાબાદ, કોટ્રી, કરાંચી સ્ટેશન.

સ. ૬૧) ઇલાકામાં આવેલી મોટી પાકી સડકના રસ્તા કયાં થઇ કયાં જાય છે ને તે રસ્તે કયાં કયાં મોટાં ગામો આવે તે લખો.

જ. ૬૧) (૨) **સુરતથી નંદરબાર**–બારડોલી, નવાપરા, નંદરબાર,

(૨) **સુરતથી નાશક**–વલસાડ, ધરમપુર, પેંઠ, નાશક.

(૩) **અમદાવાદથી નગરપારકર**–પાલણપુર, ડીસા, થરાદ, નગરપારકર.

(૪) વડોદરેથી રતલામ–ચાંપાનેર, ગોધરા, દાહોદ, રતલામ.

સ. ૫૨) ઇલાકામાંથી પરદેશ જતી ચીજોનાં નામ લખો.

જ. ૫૨) સુતરાઉ કાપડ, રૂ, અનાજ, તેલીબીઆં, ચામડાં, હાડકાં, શણ, લાખ, ગુંદર, ગળી.

સ. ૫૩) પરદેશથી કયો કયો માલ આવે છે?

જ. ૫૩) લોઢાનો સામાન, સંચાઓ, ખાંડ, સુતરાઉ રેશમી ને ઊનનું કાપડ, કેરોસીન, કોલસા, કાચ, દવા, દારૂ, ફરનીચર, કાગળ, રમકડાં.

સ. ૫૪) ઇલાકામાંના મુખ્ય બેટો ગણાવો.

જ. ૫૪) મુંબઇ, ધારાપુરી, સાષ્ટી, વસઇ, પીરમ, દીવ, શંખોદ્ધાર, પેરિમ, સોકોટ્રા.

સ. ૫૫) (૧) દ્વીપકલ્પની વ્યાખ્યા લખો. (૨) ઇલાકામાં કયો દ્વીપકલ્પ છે?

જ. ૫૫) (૧) જેની ત્રણ બાજુ પાણી ને એક બાજુ જમીન હોય તે. (૨) કાઠિઆવાડ.

સ. ૫૬) અ ભૂશિર એટલે શું? બ ઇલાકામાં આવેલી ભૂશિરો ગણાવો અને તે કયાં આવી છે તે લખો.

જ. ૫૬) (અ) જમીનની અણી લાંબી થઇને સમુદ્રમાં ગએલી હોય તે. (બ) સિંધમાં–મોંઝ; દ્વારકા પાસે–જગતપોઇંટ; કાઠિઆવાડની દક્ષિણે–દીવ; ગોવા પાસે–કેપરામાસ.

સ. ૫૭) ઇલાકામાંનાં સરોવર ગણાવો.

જ. ૫૭) સિંધમાં–મંચર એમાં જુદા જુદા રંગનાં માછલાં થાય છે. આબુ પર–નખીતળાવ. ધંધુકામાં–નળસરોવર એ ખારું છે. વીરમગામમાં–મુનસર. ધોળકામાં–મલાવ. અમદાવાદમાં કાંકરીઉં. મુંબઇમાં–તાનસા, વિહાર ને તુળસી.

સ. ૬૮) પ્રાંતવાર જાત્રાનાં ઠેકાણાં લખો.

જ. ૬૮) સિંધમાં–હિંગળાજ. કચ્છમાં–નારાયણસર, કોટેશ્વર, માતાનો મઢ. ગુજરાતમાં–દ્વારકા, શંખોદ્ધાર, પ્રભાસપાટણ (સોમનાથ પાટણ) અંબાજી, બહુચરાજી. શામળાજી, ખેડબ્રહ્મા, સિદ્ધપુર, ઉંઝા, વૌઠા, વડતાલ, ડાકોર, પાવાગઢ, ચાંદોદ, તવરા, ભાડભુત, શુકલતીર્થ, બહુધાન, કુંતા એ હિંદુના.
ઉદવાડા પારસીનું; પેટલાદ ને વીરપુર એ મુસલમાનનું; ગીરનાર, આબુ, પાલિતાણા એ જૈનનાં.
મહારાષ્ટ્રમાં–મધ્ય વિભાગમાં–નાશક ત્ર્યંબક, પંઢરપુર. દક્ષિણ વિભાગમાં–ગોકર્ણ.

સ. ૬૯) ઉના પાણીના કુંડ કયાં છે ને કયા કયા છે?

જ. ૬૯) કપડવંજ પાસે–લસુંદ્રા. ગોધરા પાસે ટુવા. વાંસદા પાસે દેવકીઉનાઈ. ગીર પર્વત મધ્યે–તુળશીશ્યામ. રત્નાગિરિ જિલ્લામાં–ખેડ, દાપોલી, સંગમેશ્વર, રાજાપુર.

સ. ૭૦) ઇલાકામાં કઇ કઇ સાત નદીઓનો સંગમ થાય છે અને તે કયાં આગળ થાય છે?

જ. ૭૦) સાબરમતી, હાથમતી, વાત્રક, ખારી, મેશ્વો, શેઢી ને માજમ એ સાતે નદીઓનો સંગમ અમદાવાદ જિલ્લામાં વૌઠા આગળ થાય છે.

સ. ૭૧) સમુદ્ર કાંઠાના લોકોને કયારે અને કયા કયા લાભ મળે?

જ. ૭૧) સારા બંદરો બનાવવાને દરીઓ ખાંચા ખાંચવાળો હોય તો લાભ વધારે મળે. (૧) વેપાર માટે બીજા દેશમાં સહેલાઇથી જઇ શકાય. (૨) વેપાર ઘણો કરી શકાય. (૩) માલ મંગાવવા

મોકલવામાં ફાયદો થાય. (૪) બંદર રસ્તે આવતી ચીજો સસ્તી પડે. (૫) સમધાત હવાનો લાભ મળે.

સ. ૭૨) અ. દીવાદાંડી એટલે શું ? બ. મુંબઇથી કરાંચી જતાં ક્યાં ક્યાં દીવાદાંડી આવે છે ?

જ. ૭૨) અ. વહાણને દરીઆમાંના ખડક સાથે અથડાતા બચાવવા માટે ઉભો કરેલો ચણતરનો થાંભલો જેમાં રાતે દીવો મૂકવામાં આવે છે તે.

બ. કોલાબા, વસઇ, દમણ, હજીરો, નર્મદાનું બારૂં, પીરમ, ઘોઘા, ભાવનગર, જાફરાબાદ, વેરાવળ, પોરબંદર, દ્વારકા, માંડવી.

સ. ૭૩) લસ્કરની છાવણીઓ વિભાગવાર ગણાવો.

જ. ૭૩) સિંધ વિભાગમાં–જેકોકાબાદ, કરાંચી. કચ્છમાં–ભૂજ. ગુજરાતમાં–રાજકોટ, વઢવાણ, અમદાવાદ, ડીસા, વડોદરા. મધ્ય વિભાગમાં–નસીરાબાદ, ખડકી, અહમદનગર, સતારા, દક્ષિણ વિભાગમાં–બેલગામ. મુંબઈ બેટમાં–મુંબઈ.

સ. ૭૪) ઇલાકામાંના ઐતિહાસિક સ્થળો લખો.

જ. ૭૪) ઠઠ્ઠા, અમદાવાદ, વડોદરા, અહમદનગર, ખર્ડા; ખડકી, તાલીકોટ.

સ. ૭૫) ઇલાકામાંની ખાસ જોવા લાયક જગાઓ લખો.

જ. ૭૫) કનેરી, અંધેરી, ધારાપુરી, પાંડુ ને કાર્લીની ગુફાઓ; કબીરવડ; સુરપાણ, ગેરસપ્પા ને ઘટપ્રભાના ધોધ; ગીરનારનો ડુંગર; લસુંદ્રા, દુવા, ઉનાઇ, તુળશીશ્યામ, દાપોલી, ખેડ, સંગમેશ્વર અને રાજાપુરના ઉના પાણીના કુંડો; રૂદ્રમાળનું ખંડેર; સરખેજનો રોજો; ડભોઇનો કિલ્લો, વિજાપુરનો ઘુમટ.

સ. ૭૬) પત્થરની કોતરણીની પ્રખ્યાત ઇમારતો ગણાવો.

જ. ૭૬) આબુ, આરાસુર ને શેત્રુંજાનાં દહેરાં; ડભોઇનો કિલ્લો; અમદાવાદની જુમામસીદ તથા શાહઆલમનો રોજો.

સ. ૭૭) ઇલાકામાં આવેલાં રૂનાં વેપારના મથક લખો.

જ. ૭૭) કરાંચી, ભાવનગર, ધોલેરા, રાધનપુર, ભરૂચ, સુરત, મુંબઇ, ધુળીઆ, નંદરબાર, જળગામ, ભુશાવળ, નાશક, અહમદનગર, સોલાપુર, બીજાપુર, બેલગામ, ધારવાડ, કારવાર, રત્નાગિરિ, કોલ્હાપુર.

સ. ૭૮) કયા કયા શહેરમાં કાપડ વણવાની મીલો છે?

જ. ૭૮) મુંબઇ, અમદાવાદ, કરાંચી, વડોદરા, સુરત, ભરૂચ, સોલાપુર, ભાવનગર, પુના.

સ. ૭૯) ઇલાકાનો રાજવહીવટ સમજાવો.

જ. ૭૯) કલેકટરોના ઉપરી કમીશનર છે. ઇલાકામાં પાંચ વિભાગ છે અને તે દરેક વિભાગના ઉપરી કમીશનર છે. પાંચ કમિશનરોના ઉપરી અધિકારી હાલના ગવર્નર સાહેબ સર લેસ્લી વીલસન છે; અને તે આખા ઇલાકાની દેખરેખ રાખે છે. ગવર્નરની નીમણુક નામદાર શહેનશાહ પાંચમા જ્યોર્જના હુકમથી થાય છે, અને તે પાંચ વરસ સુધી ચાલે છે. એમને રાજકારભારમાં મદદ કરવા બે મંડળ છે. એક ઇલાકાનો કારભાર કરનારું ને બીજું કાયદા બાંધનારું. કારભાર ચલાવનાર મંડળમાં ગવર્નર સાહેબ સાથે ચાર સભાસદ હોય છે. એ મંડળ મુંબઇ સરકારને નામે ઓળખાય છે. તેમના હાથ નીચે જુદાં જુદાં ખાતાનું

કામ કરનાર પાંચ મંત્રીઓ છે. તે દરેક પાસે એક કે વધારે ખાતાનું કામ હોય છે.

ન્યાયખાતાનો વહીવટ મુંબઇની હાઇકોર્ટ (મોટી અદાલત)ના હાથમાં છે. તે ગવર્નરથી સ્વતંત્ર છે, અને મુન્સફો વગેરે ન્યાયખાતાના તમામ અધિકારીઓ પર તેમની સત્તા છે. પોલીસ ખાતાના વડા અધિકારી પોલીસ ઇન્સપેક્ટર જનરલ છે. તેમના તાબામાં દરેક જિલ્લામાં પોલીસ સુપરિન્ટેન્ડન્ટ છે. કેળવણી ખાતાના વડા અધિકારી ડિરેક્ટર સાહેબ છે. તેમના હાથનીચે દરેક વિભાગમાં એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર, અને જિલ્લામાં ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર છે. એ સિવાય બાંધકામ, જંગલ, ખેતીવાડી, સુખાકારી, પોસ્ટ અને તાર વગેરે ખાતાં છે.

સ. ૮૦) દેશી રાજ્યો પર દેખરેખ રાખવાની શી ગોઠવણ છે ?

જ. ૮૦) દેશી રાજ્યોના બે વિભાગ છે, એક હિંદી સરકારના તાબા હેઠળનો અને બીજો મુંબઇ સરકારની દેખરેખ નીચેનો. મુંબઇ સરકારની દેખરેખ નીચેનાં દેશી રાજ્યના બે ભાગ છે. (૧) મુંબઈ સરકારની ખુદ દેખરેખ નીચેનો. (૨) કમિશનરની દેખરેખ નીચેનો. કોલ્હાપુર મુંબઇ સરકારની દેખરેખ નીચે છે. કમિશનરની દેખરેખ નીચેના રાજ્યોમાં એજન્સિ મોટી હોય તો જુદો પોલિટિકલ એજન્ટ રહે છે, અને જો એજન્સિ નાની હોય તો પાસેના જિલ્લાનો કલેકટર તે એજન્સિનો પોલિટિકલ એજન્ટ કહેવાય છે. ગાયકવાડનું રાજ્ય તથા પશ્ચિમ હિંદુસ્તાન એજંસિ (કાઠિઆવાડ એજંસિ, પાલણપુર એજંસિ, અને કચ્છ) વાઇસરૉયની દેખરેખ નીચે છે; ને તેમના તરફથી વડોદરામાં રેસિડંટ રહે છે.

અને રાજકોટમાં એજંટ ટુ ધ ગવર્નર જનરલ રહે છે. મહીકાંઠા મોટી એજન્સિઓ છે તેથી ત્યાં જુદો પોલિટિકલ એજન્ટ નીમેલો છે. બાકીની એજન્સિ અને સંસ્થાનોમાં પાસેના જિલ્લાના કલેકટરો પોલિટિકલ એજન્ટો છે.

સ. ૮૧) પોલિટિકલ એજંટના કામો ગણાવો.

જ. ૮૧) (૧) રાજાઓ રાજ્યમાં સારો બંદોબસ્ત રાખે છે કે નહિ તેની દેખરેખ રાખવી. (૨) રાજાઓને રાજકાજમાં સલાહ આપવી. (૩) રાજા રજવાડામાંથી ખંડણી વસુલ કરી ગાયકવાડ કે બીજા જે રાજાઓને ભરવાની હોય તેને ભરવી. (૪) કોઇ રાજા, ઠાકોર, નવાબ, વગેરે બાળકુંવર મૂકીને મરી ગયો હોય તો તે સંસ્થાનનું કામ સંભાળી લેવું ને બાળકુંવરને કેળવણી આપવી.

સ. ૮૨) અ. મુંબઇ ઇલાકામાં કેટલી તરેહનાં રાજ્યો છે?
બ. ને તે કયા કયા?

જ. ૮૨) અ ત્રણ તરેહનાં. બ. અંગ્રેજ સરકારનો ખાલસા મુલક (જિલ્લા) (૨) દેશી ખંડીઆ રાજ્યો. (૩) ફીરંગીના પરદેશી સ્વતંત્ર સંસ્થાનો.

સ. ૮૩) ખુદ ગવર્નર સાહેબની દેખરેખ નીચે કયું રાજ્ય છે?

જ. ૮૩) કોલ્હાપુર.

સ. ૮૪) અ ઇલાકામાં મોટામાં મોટું દેશી રાજ્ય કયું છે? બ. અને અંગ્રેજ સરકાર તરફથી ત્યાં કયો અધિકારી રહે છે?

જ. ૮૪) અ. ગાયકવાડ સરકારનું
બ. વાઇસરોય તરફથી રેસિડંટ વડોદરામાં રહે છે.

૮૫) પશ્ચિમ હિંદુસ્તાન એજંસિ કોની દેખરેખ નીચે છે, અને તેમના તરફથી કયો અધિકારી ક્યાં રહે છે?

૮૫) વાઇસરોયની દેખરેખ નીચે છે અને તેમના તરફથી એજંટ ટુ ધ ગવર્નર જનરલ રાજકોટમાં રહે છે.

૮૬) મરેઠી રાજ્યો લખો.

૮૬) વડોદરા, કોલ્હાપુર, સાવંતવાડી, અકલકોટ, જત, ડફળાપુર, મુધોળ.

૮૭) ઇલાકામાં રજપુત રાજ્ય ક્યાં ક્યાં છે?

૮૭) કચ્છ, નવાનગર, ભાવનગર, ધ્રાંગધ્રા, મોરબી, વાંકાનેર, પાલિતાણા, ધ્રોળ, લીમડી, રાજકોટ, ગોંડળ, વઢવાણ, પોરબંદર, રાજપીપળા, છોટાઉદેપુર, બારીઆ, લુણાવાડા, સુંથ, ધરમપુર, વાંસદા.

૮૮) મુસલમાની રાજ્ય ક્યાં ક્યાં છે?

૮૮) ખૈરપુર, જુનાગઢ બાટવા, બજાણા, પાલણપુર, રાધનપુર, વરાહી, તેરવાડા, વાડાશિનોર, ખંભાત, સચીન, સાવનુર. જાફરાબાદ ને જંજીરા હબસી મુસલમાનનાં છે.

૮૯) ઇલાકામાં પોર્ટુગીઝના પરદેશી સ્વતંત્ર સંસ્થાન ક્યાં છે?

૮૯) ગોવા, દમણ ને દીવ.

૯૦) ભીલ ને કોળી રાજ્ય લખો.

૯૦) ભીલના ડાંગ ને સુલગાણાનો મુલક. કોળીના પાલણપુર એજન્સિમાં ભાભર ને કાંકેજ, જવાર.

સ. ૯૧) ઉત્તર વિભાગના જિલ્લા તથા મુખ્ય શહેરો, એજન્સિઓ અને સંસ્થાનો મુખ્ય રાજ્યો સાથે લખો.

જ. ૯૧) જિલ્લા. (ખાલસા મુલક)	મુખ્ય શહેરો.
૧. થાણા જિલ્લો.	થાણા, વાંદરા, વસઇ, બોરીવલી, કલ્યાણ.
૨. સુરત જિલ્લો.	સુરત, વલસાડ, ડુમસ, ઉદવાડા, હજીરા, બલુચાન, રાંદેર.
૩. ભરૂચ જિલ્લો.	ભરૂચ, અંકલેશ્વર, ભાડભુત, શુકલતીર્થ.
૪. ખેડા જિલ્લો.	ખેડા, કપડવંજ, ડાકોર, નડિઆદ, વડતાલ, મહેમદાવાદ, આણંદ.
૫. પંચમહાલ જિલ્લો.	ગોધરા, હાલોલ, દાહોદ, ચાંપાનેર.
૬. અમદાવાદ જિલ્લો.	અમદાવાદ, વીરમગામ, ખારઘોડા, ધોળકા, ઘોઘા, ધંધુકા, વોઠા.

દેશી રાજ્યો.	મુખ્ય રાજ્યો.
૭. કાઠિઆવાડ એજન્સિ.	નવાનગર, મોરબી, ગોંડળ, વાંકાનેર, ધ્રોળ, રાજકોટ, (હાલાર પ્રાંતમાં.) ધ્રાંગધ્રા, વઢવાણ, લીમડી; (ઝાલાવાડ પ્રાંતમાં.) ભાવનગર, પાલિતાણા, (ગોહીલવાડ પ્રાંતમાં.) જુનાગઢ, પોરબંદર, જાફરાબાદ; (સોરઠ પ્રાંતમાં.) દીવ એમાં પોર્ટુગીઝનું સ્વતંત્ર રાજ્ય છે.

૮. **પાલણપુર એજન્સિ**	**પાલણપુર**, રાધનપુર, વાવ, મરાદ,
૯. **મહીકાંઠા એજન્સિ**	ઇડર, દાંતા, પેથાપુર, વડાળી, ભાલુસણા.
૧૦. **રેવાકાંઠા એજન્સિ**	**રાજપીપળા**,છોટાઉદેપુર,બારીઆ, લુણાવાડા, સુંથ, વાડાશિનોર.
૧૧. **સુરત એજન્સિ**	સચીન, ધરમપુર, વાંસદા, ડાંગ.
૧૨. **ખંભાત સંસ્થાન**	ખંભાત.
૧૩. **જવાર સંસ્થાન**	જવાર.
૧૪. ગાયકવાડનો મુલક	**વડોદરા.**

ટીપઃ—ઉપરના ૧૪ ભાગમાંથી કાઠિઆવાડ એજન્સિ, પાલણપુર એજન્સિ અને ગાયકવાડનો મુલક બાદ કરતાં બાકીનો ઉત્તર વિભાગ કહેવાય છે. અને એ ૧૪ ભાગમાંથી થાણા જિલ્લો અને જવાર સંસ્થાન બાદ કરતાં બાકીનો ગુજરાત કહેવાય છે.

સ ઉત્તર વિભાગના ભાગ ગણાવો. ગુજરાતના ભાગ ગણાવો.

જ. ૯૧ માની ટીપ જુઓ.

સ. ૯૨) ઉત્તર વિભાગની વસ્તી, વિસ્તાર, પર્વત, નદી, અખાત, બેટ, દ્વીપકલ્પ, ભૂશિર, બંદર, હવા ખાવાનાં ઠેકાણું, જાત્રાનાં ઠેકાણું, જોવાલાયક જગાઓ, ખેતીની પેદાશ, જંગલની પેદાશ, ખનીજ પેદાશ, આયાત, નિકાસ અને મોટા જંકશન લખો.

જ. ૯૨) **વસ્તી**–૩૬ લાખ માણુસની છે. **વિસ્તાર**–૧૩ હજાર ચોરસ માઇલ છે.

પર્વત–સાતપુડા, પાવાગઢ, ગીરનાર, શેત્રુંજો, આબુ, આરાસુર.

નદીઓ-બનારસ, સરસ્વતી, સાબરમતી, મહી, નર્મદા, તાપી. ભાદર

અખાત-કચ્છનો ને ખંભાતનો. **બેટ**-દીવ, પીરમ.

દ્વીપકલ્પ-કાઠિઆવાડ. **ભૂશિર**-જગત પોઈંટ.

બંદર-દ્વારકા, પોરબંદર, દીવ, ભાવનગર, ઘોઘા, ખંભાત, ભરૂચ સુરત, દમણ.

હવા ખાવાનાં ઠેકાણાં-ડુમસ, હજીરા, તીથલ, બાલાચડી, ગોપનાથ

જાત્રાનાં ઠેકાણાં-શંખોદ્ધાર, દ્વારકા, સોમનાથ પાટણ, ગીરનાર આબુ, શેત્રુંજો, સિદ્ધપુર, પાવાગઢ, ડાકોર, વડતાલ, ચાંદોદ શુકલતીર્થ, બહુધાન, કુંતા ઉદવાડા.

જોવા લાયક જગાઓ-કબીરવડ, ગીરનાર, સોમનાથ પાટણ લસુંદ્રા, તુવા ને ઉનાઈમાં કુંડ, રૂદ્રમાળ, ડભોઈનો કિલ્લો જુમામસીદ ને સરખેજનો રોજો.

ખેતીની પેદાશ-ઘઉં, બાજરી, કપાસ, ડાંગર, જુવાર તેલીબીઆં, કઠોળ,

જંગલની પેદાશ-ઇમારતી લાકડું (સાગ, સીસમ ખેર) વાંસ બાવળ, લાખ, મધ.

ખનીજ પેદાશ-આરસ, પથરા, અકીક, લોઢું, સીસું, મેંગેનીઝ મીઠું, સુરોખાર,

આયાત-સોનું, રૂપું, લોઢાનો સામાન, સંચાઓ, કાપડ, ખાંડ, કાચ કેરોસીન, રંગ, દવા, દારૂ, કોયલા, ફરનીચર, રમકડાં, કાગળ

નિકાસ-રૂ, સુતર, સુતરાઉ ને રેશમી કાપડ, કીનખાબ, તેલીબીઆં અનાજ, મીઠું.

મોટાં જંકશનો—સુરત, વડોદરા, આણંદ, અમદાવાદ, વીરમગામ, વઢવાણ, રાજકોટ, ધોળા, જેતલસર, મહેસાણા.

ટીપ:—ગાયકવાડનું રાજ્ય વાઈસરોયની દેખરેખ નીચે છે ને તેમના તરફથી વડોદરામાં રેસિડંટ રહે છે. એ મુંબાઇ ઇલાકામાં મોટામાં મોટું દેશી રાજ્ય છે. કાઠિઆવાડ એજન્સિ પણ વાઇસરોય સાહેબના તાબામાં છે ને તેમના તરફથી રાજકોટમાં એજંટ ટુ ધ ગવર્નર જનરલ રહે છે. એમના હાથ નીચે પોલીટિકલ એજંટો છે. ઉત્તર વિભાગના ઉપરી અધિકારી કમિશનર છે ને તેઓ અમદાવાદમાં રહે છે.

સ. ૯૩) ઉત્તર વિભાગના જિલ્લાઓનાં તાલુકા લખો

જ. ૯૩) **૧. સુરત જિલ્લો**—૧. ચોર્યાસી. ૨. ઓરપાડ ૩. માંડવી ૪. બારડોલી. ૫. જલાલપોર. ૬. ચીખલી, ૭. વલસાડ. ૮. પારડી. વાલોડ પેટામહાલ છે.

૨. ભરૂચ જિલ્લો—૧. ભરૂચ. ૨. અંકલેશ્વર. ૩. વાગરા. ૪. આમોદ. ૫, જંબુસર. હાંસોટ પેટામહાલ છે.

૩. ખેડા જિલ્લો—૧. કપડવંજ. ૨. ઠાસરા ૩ આણંદ ૪. નડિઆદ. ૫. મહેમદાવાદ. ૬. માતર. ૭. બોરસદ.

૪. પંચમહાલ જિલ્લો—૧ ગોધરા ૨. દાહોદ ૩. કલોલ. હાલોલ ને ઝાલોદ એ બે પેટા મહાલ છે.

૫. અમદાવાદ જિલ્લો—૧ ઉત્તર દસક્રોઇ. ૨. દક્ષિણ ... દસક્રોઇ. ૩ વીરમગામ. ૪ પ્રાંતીજ. ૫ ધોળકા, ૬ ધંધુકા. **વીરમગા**[illegible]સા, સાણંદ ને ઘોઘા એ ત્રણ પેટામહાલ છે.

મુનસર તળાવ જિલ્લો—૧ ડહાણું ૨. માહીમ. ૩. વસઇ.

૪. સાષ્ટી. ૫. ભીંવડી. એ દરીઆ કિનારે છે. ૭ વાડે
૭, શાહપુર. ૮. મુરવાડ. ૮ કલ્યાણ એ અંદરના ભાગમાં છે.

સ. ૯૪) ગુજરાતના મુખ્ય શહેરો વસ્તીના પ્રમાણમાં પ્રખ્યાતિ સાથે લખો.

જ. ૯૪) **અમદાવાદ**–ઇ. સ. ૧૪૧૨માં અહમદશાહે સાબરમતીને કાંઠે વસાવ્યું. મુસલમાનની રાજધાની હતી, હાલ ઉત્તર વિભાગની રાજધાની, શહેર તથા મોટું રેલવે જંકશન છે. લશ્કરની છાવણી છે. ધોતી જોડા, રેશમી કાપડ, કીનખાબ તથા મરકી વખણાય છે.

સુરત–તાપી નદીને ડાબે કાંઠે જિલ્લાનું મુખ્ય શહેર તથા બંદર છે. સુરજ નામની રામજણી પરથી સુરત નામ પડયું. અંગ્રેજોએ ઇ. સ. ૧૬૧૨ માં પહેલ વહેલી કોઠી અહીં કરી હતી. રેશમી કાપડ; કીનખાબ; લાકડાં, સુખડ તથા હાથીદાંતનું કોતરકામ, બરફી, જમણ ને પાપડી વખણાય છે.

વડોદરા–વિશ્વામિત્રી નદીને કાંઠે ગાયકવાડની રાજધાનીનું શહેર છે, એનું જુનું નામ ચંદનાવતી હતું. રેલવેનું મોટું જંકશન છે. કોલેજ, ન્યાયમંદિર, રાજાના મહેલો, સંગ્રહસ્થાન તથા બાગ જોવા લાયક છે. રેસિડંટનું રહેઠાણ છે. અહીં લશ્કરની છાવણી છે. પરવળ, પાન ને ચેવડો વખણાય છે.

ભાવનગર–ભાવસિંહે ૧૭૪૨ માં વસાવ્યું હતું. મોટું બંદર, શહેર તથા રૂના વેપારનું મથક છે.

નવાનગર–એનું બીજું નામ જામનગર છે. કંકુ, રેશમી તથા કસબી ભરત કામને માટે પ્રખ્યાત છે સેના દરીઆમાંથી મોતી નીકળે છે.

ભરૂચ–ભૃગુઋષિ પરથી એ નામ પાડ્યું છે. નર્મદા કાંઠે બંદર તથા રૂના વેપારનું મથક છે. સુજની તથા ગુંદરપાક વખણાય છે.

જુનાગઢ–એમાં જુનો કિલ્લો છે. એમાં મુસલમાની રાજ્ય છે.

રાજકોટ–આજી નદીને કાંઠે છે. કાઠિઆવાડના એજંટ ટુ ધ ગવર્નર જનરલ અહીં રહે છે. એમાં રાજકુમાર કોલેજ તથા લશ્કરની છાવણી છે.

પાટણ–સરસ્વતી નદીને કાંઠે ઇ. સ. ૭૪૬ માં વનરાજે વસાવ્યું હતું. ગુજરાતની રાજધાની હતું. પટોળાં, માટીનાં વાસણ તથા સુડી વખણાય છે.

ખંભાત–મહી નદીના મુખ આગળ બંદર છે. એનું બીજું નામ સ્તંભાવતી છે. એમાં મુસલમાની રાજ્ય છે. અકીક કામ તથા સુતરફેણી વખણાય છે.

નડિઆદ–ખેડા જિલ્લામાં મોટું શહેર તથા વેપારી મથક છે. અહીંથી ગુજરાત રેલવેની એક ગાડી કપડવંજ જાય છે.

પોરબંદર–કાઠિઆવાડમાં દરીઆકાંઠે બંદર છે. એનું બીજું નામ સુદામાપુરી છે. પત્થર તથા ઘી માટે પ્રખ્યાત છે.

વાંદરા–એ થાણા જિલ્લામાં શહેર છે.

ગોધરા–પંચમહાલ જિલ્લાનું મુખ્ય શહેર છે.

નવસારી–એમાં પારસીની વસ્તી વધારે છે. એમાં ગાયકવાડનું રાજ છે. અહીંનો ગોળ વખણાય છે.

વીરમગામ–રૂના વેપારનું મથક છે. મીનળદેવીએ બંધાવેલું મુનસર તળાવ એમાં છે.

પાલણપુર–પહ્લાલણસિંહે વસાવ્યું હતું. એમાં મુસલમાની ર
વીસનગર–વીસનગરા નાગરનું મૂળ સ્થાન છે. હ
વખણાય છે.

વલસાડ–ઔરંગા નદીને કાંઠે બંદર છે. ગોળ ને શે
વખણાય છે. અહીંથી ઇમારતી લાકડાં, અનાજ, ગોળ
ઈંટ બહારગામ જાય છે.

થાણા–જિલ્લાનું મુખ્ય શહેર સાષ્ટી બેટમાં છે.
વઢવાણ–ભોગવો નદીને કાંઠે છે. અહીં રાણકદેવી સતી
હતી. લશ્કરની છાવણી તથા ગરાસીઆ સ્કુલ છે.
ગોંડળ–એમાં ગરાસીઆ સ્કુલ છે.
સિદ્ધપુર–સરસ્વતી નદીને કાંઠે જાત્રાનું ઠેકાણું છે.
માનું શ્રાદ્ધ થાય છે. સિદ્ધરાજે રૂદ્રમાળ પુરો કરાવ્યો
યાદગીરીમાં એ નામ પાડયું. એનું જુનું નામ શ્રી સ્થળ
મોરબી–મચ્છુ નદીને કાંઠે છે.
ધ્રાંગધ્રા–ફલકુ નદીને કાંઠે શહેર છે. પત્થરનો સા
વખણાય છે.
ડભોઈ–કુભોઇ ઈજનેર પરથી એ નામ પડયું. કિલ્લો
જેવો છે. એ રેલવે જંકશન છે.

વડનગર–ઐતિહાસિક શહેર છે. વડનગરા નાગરનું મૂળ સ્થા
ધોળકા–દાડમ ને સૂંઠ વખાણાય છે. મીનળદેવીએ બંધા
મલાવ તળાવ અહીં છે.
કપડવંજ–મહોર નદીને કાંઠે કાચ ને સાબુ માટે પ્રખ્યાત
નડિઆદથી અહીં સુધી રેલવે છે. **કડી**–બળદ વખણાય છે

કલ્યાણ–ઘણું જુનું શહેર છે. અહીંથી જી. આઇ. પી. રેલ્વેનો એક ફાંટો નાશક જાય છે. અને બીજો ભુશાવળ જાય છે.
રાધનપુર–રૂના વેપારનું મથક છે **અંકલેશ્વર**–અહીંથી નાંદોદ એક ગાડી જાય છે. નાંદોદથી લાકડાં, વાંસ, તથા જંગલની પેદાશ અહીં આવે છે. **રાજપીપળા–(નાંદોદ)**–રાજપીપળા સંસ્થાનનું મુખ્ય શહેર છે.
લીમડી–સુડી વખણાય છે.
